સર્વ શિક્ષા અભિયાન –ભુજ (કચ્છ)

અનુદાનિત

# ક્રિયાત્મક સંશોધન

૨૦૧૩ /૨૦૧૪

# શ્રી કોટડા ઉગમણા પ્રા.શાળાના ધો. ૮ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા નથી.

(પ્રેરક)

(શ્રી એન.એમ.રાઠોડ)

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

અને

જીલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર –કચ્છ .


-:માર્ગદર્શક:-

ડૉ.દક્ષાબેન ગોર

સિનીયર લેક્ચરરશ્રી

ડાયટ –ભુજ

-:પ્રયોજક :-

મયુર જી.ભાનુશાલી

સી.આર.સી. કો.ઓ.

કોટડા(ચ),તા-ભુજ(કચ્છ)

# CERTIFICATE

This action research directed and supervised by the candidate’sguide has been accepted by the D.P.C.S.S.A.M. Kachchh.

## ACTION RESEARCH

**Title**: શ્રી કોટડા ઉગમણા પ્રા.શાળાના ધો .૮ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા નથી .

**Candidate**:- મયુર જી.ભાનુશાલી ,સી.આર.સી.કો.ઓ.કોટડા(ચ)

**Guide**:- ડૉ.દક્ષાબેન ગોર ,સિનીયર લેક્ચરર ,ડાયટ-ભુજ

(શ્રી એન.એમ.રાઠોડ)
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
અને
જીલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટર –કચ્છ .

# <u>ઋણસ્વીકાર</u>

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારવા માટે એસ.એસ.એ. અથાગ પ્રયત્ન કરી રહ્યું છે .શિક્ષણ એ પાયાની અને મુળભૂત જરૂરિયાત છે .પરંતુ પ્રાથમિક શિક્ષણમાં ઘણી બધી સમસ્યાઓ છે .આ તમામ સમસ્યાઓનું નિવારણ કેળવણી ક્ષેત્રની નાની યોજનારૂપ ક્રિયાત્મક સંશોધનથી થાય છે . કેળવણી અને બાળકની સમસ્યા સુધારવા માટે આ સંશોધન કરવામાં આવેલ છે . આ સંશોધન માટે જેમના તરફ થી મને માર્ગદર્શન મળેલ તેવા માર્ગદર્શક શ્રીમતી ડૉ.દક્ષાબેન ગોર તથા કોટડા ઉગમણા પ્રા.શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતી મેઘાબેન ચાવડાનો આ તબક્કે આભાર માનું છું.

આ કાર્ય માં જેમનો સૌથી વધુ સહારો મળ્યો છે તેવા કોટડા ઉગમણા પ્રા.શાળાના ધોરણ -૮ ના વિદ્યાર્થીઓનો હું આભાર માનું છુ .

આભાર સહ ..............................

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | પ્રસ્તાવના |
| ૨ | સમસ્યાનું શિર્ષક |
| ૩ | શબ્દોની વ્યવહારિક વ્યાખા |
| ૪ | હેતુઓ |
| ૫ | ઉત્કલ્પનાઓ |
| ૬ | અભ્યાસ કાર્યનું મહત્વ |
| ૭ | સંશોધન ક્ષેત્ર ની મર્યાદાઓ |
| ૮ | વ્યાપવિશ્વ નો નમૂનો |
| ૯ | સંશોધન યોજના |
| ૧૦ | માહિતિ એકત્રીકરણ ની રીત |
| ૧૧ | કાર્યનું અમલીકરણ |
| ૧૨ | તારણો |

# પ્રસ્તાવના

ભારત એક લોકશાહી  ધરાવતું રાષ્ટ્ર છે . લોકશાહીની સફળતા તેના જવાબદાર નાગરિકો પ્રત્યે અવલંબે છે . ભારતનું ભવિષ્ય પ્રાથમિક શાળાના વર્ગખંડમાં ઘડાય છે . બાળકના ચારિત્ર્ય ઘડતર  અને માનવીય મૂલ્યોના સિંચન માટે પ્રાથમિક શાળાના શિક્ષકો સતત કાર્યરત છે . આવા ઉમદા કાર્યમાં વિદ્યાર્થી અંગ્રેજી જેવા મહત્વના વિષયમાં રસ ન લે તે ખૂબ જ માથા પરિણામ લાવી શકે .

પ્રવર્તમાન યુગ એ જ્ઞાનનો યુગ કહેવાય છે . આવા યુગમાં બાળકોના સર્વાંગી વિકાસમાં શારીરિક,માનસિક ,સાંવેગિક, સામાજિક , આધ્યાત્મિક  વિકાસને મહત્વ આપવું જરૂરી છે .વળી ,વ્યાવહારિક જીવનમાં અંગ્રેજીનું જ્ઞાન મેળવવું અતિ આવશ્યક છે . આજના કમ્પ્યુટર યુગમાં ડગલે ને પગલે અંગ્રેજીનો ઉપયોગ થાય છે . આથી બાળક અંગ્રેજીમાં રસ ન લે તે તેના ભવિષ્ય માટે ખૂબ જ નુકશાનકારક બની શકે તેમ છે .

શિક્ષક સજ્જતા તાલીમ માં અવારનવાર શિક્ષકમિત્રો તરફથી આ વિષય માં મુશ્કેલી પડે છે ,એવી રજુઆતો આવતી હતી .તેથી કોટડા ઉગમણા પ્રા.શાળાના ધોરણ -૮ ના બાળકો  અંગ્રેજી વિષયનું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી વ્યાવહારિક જીવન માટે જરૂરી અંગ્રેજી જ્ઞાન મેળવી આગળ આવી શકે તે અપેક્ષાએ વિદ્યાર્થીઓ ને અંગ્રેજી માં રસ લેતા કરવા આ પ્રયોગ હાથ ધર્યો .

પ્રયોજકે  આ શાળા કક્ષાની સમસ્યાનું વૈજ્ઞાનિક દષ્ટિએ ઉકેલ મેળવવા આ ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ હતું .

# <u>સમસ્યાનું શીર્ષક:-</u>

પ્રયોજકે કોટડા ઉગમણા પ્રા.શાળાની શાળા કક્ષાની સમસ્યાને નીચે મુજબ વ્યાખ્યાયિત કરી હતી .

| <u>**કોટડા ઉગમણા પ્રા.શાળાના ધોરણ -૮ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ લેતા નથી**</u> . |
|---|

# <u>શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા</u> :-

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં વપરાયેલા કેટલાક પારિભાષિક શબ્દોને જે અર્થમાં પ્રયોજવામાં આવ્યા હતા તે નીચે પ્રમાણે છે .

**કોટડા ઉગમણા પ્રા.શાળા** :-કચ્છ જીલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ભુજ તાલુકાની કોટડા ઉગમણા ગ્રુપ શાળાની ધોરણ -૧ થી ધોરણ -૮ માટેની ગુજરાતી માધ્યમની શાળા

**અંગ્રેજી** :-પ્રવર્તમાન ધોરણ -૮નુ પાઠ્યપુસ્તક .

**રસ લેતા નથી** :-શૈક્ષણિક કાર્ય દરમિયન સક્રિયતાનો અભાવ

# <u>હેતુઓ:-</u>

જે રીતે ચોક્કસ ધેય વિના સાચો માર્ગ ન મળે અને કાર્ય સિધ્ધ ન થાય તેમ ચોક્કસ હેતુ વિના સંશોધન કાર્ય ન બને . હેતુઓ નક્કી કરવાથી કાર્ય ગતિશીલ બને છે . ઉપરાંત સમય ,શક્તિ અને નાણાનો વ્યય થતો અટકે છે .

આથી પ્રયોજકે તેના ક્રિયાત્મક સંશોધનના હેતુઓ નીચે મુજબ નક્કી કર્યા હતા .

- બાળકોની અંગ્રેજી વિષયની કચાશ દૂર કરવી .
- બાળકો અંગ્રેજી વિષય પરત્વે રસ કેળવે .
- બાળકો ની વૈચારિક શક્તિ ખીલે .
- અંગ્રેજી ભાષાન નો વ્યવહારિક ઉપયોગ સમજે .
- અંગ્રેજી વિષયની અગત્યતા સમજતો થાય .
- વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ માં વધારો થાય .
- શિક્ષણ કાર્યને વેગ મળે .

## ઉત્કલ્પનાઓ :-

સંશોધક માટે ઉત્કલ્પના એ દીવાદાંડી રૂપ છે . સમસ્યાને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજવા માટે ઉત્કલ્પના રચવી અનિવાર્ય છે . તે માહિતીને એકત્રિત કરવામાં ખુબ જ ઉપયોગી બને છે . ઉત્કલ્પનાઓ સંશોધકને તેના ધ્યેયનું દર્શન કરાવે છે .હરિભાઈ દેસાઈ અને કૃષ્ણકાંત દેસાઈના મતે – "ઉત્કલ્પનાઓ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે .એક રીતે ઉત્કલ્પનાઓ સમસ્યા ઉકેલ માટેની ચાવી છે ." [૧]

આ ઉપરાંત ડૉ.દિનેશ ઉચાટ (૧૯૯૭) ના મતે –
"સંશોધન અભ્યાસના હેતુઓ અને શીર્ષક નક્કી કર્યા પછી પ્રયોજક સંશોધનના અંતે પ્રાપ્ત થનાર પરિણામો અંગે આગાહી કરવા કામચલાઉ જવાબો કે ઉકેલો રચે છે .જેને ઉત્કલ્પના તરીકે ઓળખવામાં આવે છે ." [૨]

**જે તે ક્ષેત્રનો પ્રારંભિક તબક્કો જ ઉત્કલ્પનાઓ હોય છે .સંશોધનની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે હતી**

- અંગ્રેજી વિષય અઘરો લાગે છે .
- અંગ્રેજી વિષયની પાયાની કચાશ હશે .
- અંગ્રેજી શિક્ષક વર્ગમાં હોશિયાર બાળકોને લક્ષમાં રાખી ભણાવતા હશે .
- વિદ્યાર્થીઓમાં જવાબ ખોટો પડશે તેનો દર હશે .
- બાળકોના અંગ્રેજી વિષયની પાયાની કચાશ દૂર થાય તો અંગ્રેજીમાં રસ લેતા થાય .
- બાળકોને વ્યવસ્થિત મૂળાક્ષરોનું જ્ઞાન આપવામાં આવે તો અંગ્રેજીમાં રસ લેતા થાય .
- અંગ્રેજીનો વ્યવહારિક ઉપયોગ સ્પષ્ટ કરવામાં આવે તો વિદ્યાર્થી રસ લેતા થાય .
- અંગ્રેજી શિક્ષક ની પદ્ધતિ યોગ્ય ન હોવા થી .
- બેઠક વ્યવસ્થા બરાબર ન હોવાને કારણે .
- અંગ્રેજી વિષયનો તાસ શરૂઆતમાં રાખવામાં આવે તો અંગ્રેજીમાં રસ લેતા થાય .

૧.હરિભાઈ દેસાઈ અને કૃષ્ણકાંત દેસાઈ "સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ "અમદાવાદ ,યુનીવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ,પ્રથમ આવૃતિ ૧૯૭૯,પૃ.૯૪ .

૨.ડૉ. દિનેશ ઉચાટ "સામાજીક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈધ્ધાંતિક અને વ્યવહારુ આધારો ",પારસ પ્રકાશન ,રાજકોટ ,પ્રથમ આવૃતિ ૧૯૯૭ ,પૃ.૧

## અભ્યાસક્રમનું મહત્વ :-

પ્રયોજક આ ક્રિયાત્મક સંશોધનનું મહત્વ નીચે મુજબ મુલવે છે .

- ✓ વિધાર્થીઓમાં અંગ્રેજીના મૂલ્યોનું સિંચન  થશે .
- ✓ શાળામાં શિક્ષણનું યોગ્ય વાતાવરણ નિર્માણ થશે .
- ✓ શાળાની સમસ્યોનો ઉકેલ મળતા શિક્ષણ કાર્યને વેગ મળશે અને નવા ઉન્મેષો ઉમેરાશે .
- ✓ અન્ય શિક્ષક મિત્રોને મૂંઝવતી સમસ્યાના વૈજ્ઞાનિક ઢબે ઉકેલ મતે અ ક્રિયાત્મક સંશોધન ઉપયોગી થશે .
- ✓ વિદ્યાર્થીઓમાં નિયામક મૂલ્યોનું સિંચન થશે .

## સંશોધન ક્ષેત્રની મર્યાદાઓ :-

હરિભાઈ દેસાઈના મતે "કોઈ પણ સંશોધન સર્વાંગ સંપૂર્ણ બની શકે નહિ .અભ્યાસનું ક્ષેત્ર સીમિત બનાવવામાં નાનપ નથી ."

પ્રયોજકની આ ક્રિયાત્મક સંશોધનની મર્યાદા નીચે મુજબ હતી .

- આ સંશોધનના તારણો માત્ર શ્રી કોટડા ઉગમણા પ્રા. શાળાને જ લાગુ પડશે .
- આ સંશોધન માત્ર ૨૦૧૩/૨૦૧૪ ના વિદ્યાર્થીઓ પૂરતું સીમિત છે .
- આ સંશોધન માત્ર ગ્રામ્ય કક્ષાની શાળા પૂરતું સીમિત છે .
- આ સંશોધન ના તારણો અંગ્રેજી વિષય પૂરતા જ રહેશે .

## વ્યાપવિશ્વ અને નમૂનો :-

પ્રયોગ માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરવામાં આવે છે  તે મૂળભૂત પત્રોના સમૂહને વ્યાપવિશ્વ કહે છે .

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન કાર્ય દરમ્યાન શાળાન ધોરણ -૮ ના વિદ્યાર્થીઓ સંશોધન કાર્યનું વ્યાપવિશ્વ હતું .તેમજ પસ્તુત સંશોધનમાં વ્યાપ વિશ્વ જ નમૂનો હતો .

# <u>સંશોધન યોજના :-</u>

આ ક્રિયાત્મક સંશોધન માટેની યોજના નીચે મુજબ હતી .

- પ્રથમ તબક્કો : વિદ્યાર્થીઓને જૂથમાં વિભાજીત કરી એકબીજા વિદ્યાર્થીઓને અંગ્રેજી મુળાક્ષરો વિશે પૂછવામાં આવ્યું .

- બીજો તબક્કો :વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક કરી બાળકને આપવામાં આવતા ગૃહકાર્યની નબળી બાબતની ચર્ચા કરવામાં આવી .

- ત્રીજો તબક્કો :જુદી-જુદી શૈક્ષણિક પદ્ધતિઓથી શૈક્ષણિક કાર્ય કરવામાં આવ્યું .

# <u>માહિતિ એકત્રીકરણની રીત :-</u>

પ્રયોજકે આ સંશોધન કાર્ય મતે ૬ દિવસનો સમય નક્કી કરેલ હતો .તેમાં અંગ્રેજી ના પાયાની બાબતોના દઢીકરણ  માટે  ૩ દિવસ, વિવિધ ઉદાહરણ અને પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીને અંગ્રેજી શીખવવા માટે ૩ દિવસ નક્કી કર્યા .જેમાં પ્રયોગની અસરકારકતા માટેના તબક્કાઓનો સમાવેશ થાય છે .

પ્રત્યેક  તબક્કાઓ દરમ્યાન શિક્ષક મિત્રોની ની મદદથી કસોટી લીધી હતી .

# કાર્યક્રમનું અમલીકરણ :-

પ્રયોજકે કાર્યક્રમના અમલીકરણ માટે એક અઠવાડિયાના સમય સુધીનો સમયગાળો ફાળવ્યો હતો .

સારણી -૧

પ્રયોજકે એક અઠવાડિયા માટે નીચે મુજબ ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરાવેલ હતું .

| દિવસ | મુદ્દા | વાપરેલ ટી.એલ.એમ. | આવૃતિ |
|---|---|---|---|
| પ્રથમ ત્રણ દિવસ | અંગ્રેજીના મુળાક્ષરો નું જ્ઞાન ,અંગ્રેજી બારાક્ષરી | મૂળાક્ષર કાર્ડ ,સ્પેલિંગ અંતકડી | સ્પેલિંગ હરિફાઈ |
| બીજા ત્રણ દિવસ | નાના સ્પેલિંગ ,મોટા સ્પેલિંગ,રાઈમ્સ ,સદા વાક્યો | ચાર્ટ ,મૂર્ત વસ્તુઓ, કા .પા . પર સમજાવવું ,કાર્ડ દ્વારા સમજાવવું . | વસ્તુઓ બાળકોને આપી લાઈનમાં ઉભા રાખવા ,સ્પેલિંગ કાર્ડ બનાવવા આપવા |

## તારણો:-

પ્રાપ્ત માહિતીની રજૂઆત પરથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા .

- પ્રત્યેક તબક્કાઓને અંતે અંગ્રેજી વિષયમાં રસ લેનારની સંખ્યામાં ક્રમશ: વધારો જોવા મળેલ હતો .
- અંગ્રેજીમાં પાયાની કચાશ દૂર થતા અંગ્રેજી વિષયમાં રસ લેનારની સંખ્યામાં ક્રમશ:વધારો થતો જોવા મળેલ હતો .
- વિવિધ પ્રવૃતિઓ કરાવવાથી વિદ્યાર્થીઓની કાર્યશક્તિ ખીલી ઉઠે છે જેથી અંગ્રેજી માં તેને રસ પડે છે .
- શિક્ષણકાર્યમાં વેગ મળે છે .
- હોશિયાર વિદ્યાર્થી પાસે થી નબળા વિદ્યાર્થી ઝડપથી શીખે છે .જેથી અંગ્રેજી જેવા વિષય માં જૂથકાર્ય કરાવવું જોઈએ .
- અંગ્રેજી વિષયનું શૈક્ષણિક કાર્ય હંમેશા પ્રથમ તાસમાં કરવાથી વિદ્યાર્થીઓની સક્રિયતા વધે છે .




-:પ્રયોજક :-

મયુર જી. ભાનુશાલી

સી.આર.સી. કો.ઓ.

કોટડા (ચ),તા-ભુજ

મો.૯૯૭૯૪૮૯૯૯૦

E-Mail:mayurbhanushali27@gmail.com

Website:crckotda.weebly.com

શ્રી કોટડા સી.આર.સી.તા:ભુજ,જિ:(કચ્છ)

|| करिष्ये वचनं तव ||